



તા.૧૩/૦૩/૨૦૨૪, સેમી કંડકટર યુ ટ્યુબ લાઈવ પ્રોગ્રામ





 

## મોબાઈલનાં લાભ અને ગેરલાભ

**પટેલ ઉર્વિશકુમાર શૈલેષભાઈ**

**F.Y.B.A. રોલ નં:63**

મોબાઈલ એ વિજ્ઞાનના અદ્દભૂત ચમત્કારોમાંથી એક છે. મોબાઈલ હવે જીવનનો મહ્ત્વપૂર્ણ હિસ્સો બની ગયો છે. આજકાલ મોબાઈલ વિના જીવન જીવવાની કોઈ કલ્પના નથી કરી શકતા. મોબાઈલના આગમનથી આપણું જીવન ખૂબ જ સરળ થઇ ગયું છે.

શરૂઆતમાં મોબાઈલ ફક્ત વાત કરવા કે એસ.એમ.એસ.ની સુવિધા માટે ઉપયોગમાં લેવાતો હતો ત્યારબાદ ધીમે ધીમે એમાં નવા નવા ફીચર્સ ઉમેરાતા ગયા હવે મોબાઈલમાં એલાર્મની, કેલ્યુલેટર, રેડિયો, મ્યુઝિક પ્લેયર, કેમેરાની સુવિધા ઉમેરાતી ગઈ છે. ત્યારબાદ મોબાઈલમાં ઈન્ટરનેટની સુવિધા ઉમેરાઈ તો જાણે મોબાઈલ યુગમાં ક્રાંતિ આવી ગઈ. મોબાઈલથી આપણે બધી માહિતીથી માહિતગાર થઈએ છીએ.

**મોબાઈલનાં લાભ:**

(૧) મોબાઈલનાં કારણે કોઈપણ વ્યક્તિ કોઈપણ સમયે અને કોઈપણ સાથે વાત કરી શકે છે.

(૨) મોબાઈલનો મુખ્ય ફાયદો એ છે કે આપણે સરળતાથી મોબાઈલને કોઈપણ જગ્યાએ લઇ જઈ શકીએ છીએ.

(૩) મોબાઈલથી બેંકમાં પૈસાની લેવડ-દેવડ કરી શકાય છે.

(૪) કોઈપણ કામ કરવામાં મુશ્કેલી પડતી હોય તો યુ-ટ્યુબમાં એને લગતા વિડીયો જોઈએ કામ કરી શકાય.

(૫) જૂના મિત્રો ફરીથી ફેસબુક જેવા માધ્યમથી મળી શકે છે.

(૬) બસ, ટ્રેન અને પ્લેનના સમયપત્રક એક ક્લિક કરવાથી શોધી શકાય છે.

દરેક વસ્તુની જેમ મોબાઈલ આપણી સુવિધા માટે બનાવવામાં આવ્યા હતા પરંતુ તેનો વધુ પડતો ઉપયોગ નુકસાનકારક છે.

**મોબાઈલનાં ગેરલાભ:**

(૧) મોબાઈલમાંથી નીકળતું રેડિયેશન સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.

(૨) મોબાઈલની ડિસ્પ્લે લાઈટ સીધી આંખોમાં પડે છે જેનાથી આંખો ખરાબ થઇ શકે છે.

(૩) લોકો મોબાઈલની દુનિયામાં એટલા મશગુલ થઇ ગયા છે કે એક જ રૂમમાં સાથે બેઠા હોઈ ત્યારે પણ એકબીજા

સાથે વાત કરી શકતા નથી.

(૪) મોબાઈલની બાળકોને પણ એટલી લત લાગી ગઈ છે કે તેઓ બહારની ગેમ રમવાનું જ ભૂલી ગયા છે અને એની

સીધી અસર એમના શારીરિક વિકાસ પર પડી રહી છે.

(૫) ઘણા લોકો મોડી રાત સુધી મોબાઈલ જોતા રહે છે જેના કારણે ઊંઘનો અભાવ જોવા મળે છે.

(૬) ડ્રાઈવિંગ કરતી વખતે મોબાઈલનો ઉપયોગ જીવનને જોખમમાં મૂકવા જેવું છે.

(૭) મોબાઈલનાં વધતા જતા ઉપયોગને કારણે સાઈબર ક્રાઈમના કિસ્સા વધ્યા છે.

જો માનવ મોબાઈલનો દુરુપયોગ કરવાનું બંધ કરશે તો જ ફાયદો થશે અન્યથા નુકસાન વેઠવું પડશે. અને એના ઓછા ઉપયોગથી વિવિધ નુકશાનો માંથી બચી શકાશે.

આજની માનવી જાગ્રત થવાથી જરૂર છે અને બને ત્યાં સુધી જરૂરી અને ઉઅપયોગી હોય ત્યારે જ મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો જોઈએ.

## દિકરી વ્હાલનો દરિયો

માફલા દીવ્યાંગીબેન રમેશભાઈ

F.Y.B.A. રોલ નં: ૪૬

માતા-પિતાનું વહાલસોયું રતન છે દિકરી,

એક અવતારમાં બે કૂળ ઉજાગર કરનાર છે દીકરી,
નારીના નવલા રૂપધારી છે દીકરી,
તોયે સ્નેહની સરવાણીમાં ભીંજવે છે દીકરી,
જાણે ઉછળતો વ્હાલનો દરિયો છે દીકરી,
ઈશ્વરનું અદ્દભૂત સર્જન છે દીકરી

દીકરી એટલે પ્રેમનો સાગર, એ સૌને વ્હાલી લાગતી હોય છે. ઈશ્વરે દીકરીઓમાં જન્મથી જ મમતા તો છલોછલ ભરીને આપી હોય છે તેના ઉછેરમાં તમે ધ્યાન આપો કે ના આપો પણ તેની અંદર જે વાત્સલ્ય છે તે તમને હંમેશા જોવા મળશે. જો ઘરમાં મોટી પુત્રી હોય તો તે મમ્મી-પપ્પાની અડધી જવાબદારી આપમેળે જ ઉઠાવી લે છે. નાના ભાઈ બહેન માટે તો એ એક માતા જેવી બની જાય છે. જે ઘરમાં બહેન હોય ત્યાના ભાઈઓમાં સંસ્કાર સિંચવાનું કામ દીકરી જ કરે છે. ઘરની દીકરી જેટલા ત્યાગ આપે છે એટલું કોઈ નથી આપી શકતું પછી એ ત્યાગ પોતાના ભાઈ બહેન કે માતા-પિતા માટે હોય.

આટલું હોવા છતાં એક દિવસ પરિવાર તું હવે મોટી થઇ ગઈ છે તારા લગ્ન થઇ જવા જોઈએ આવા શબ્દો બોલીને ઘરના આ ખૂબ મહત્વના સદસ્યને એક અજાણ્યા વ્યક્તિના હાથમાં સોપી દે છે અને દીકરી પણ ચાલી નીકળે છે એક ઘરને સ્નેહ, પ્રેમ અને સંસ્કારોથી સીચીને બીજા ઘરમાં પ્રેમ અને સેવાનું અજવાળું પાથરવા.

સૂરજ ઉગે તે પહેલા, ઉગતા તારા ટહુકાઓ દીકરી,
હોઉં ગમે તેટલો દૂર, પૂગતા તારા ટહુકાઓ દીકરી

દિકરી મોટી થતાં શાળાએ જાય ત્યાં તે ભણે અન્ય પ્રવૃત્તિઓમાં પણ ભાગ લે સંગીત, નૃત્ય વિષે તેને ખૂબ રસ હોય તો માતા-પિતા તેની ઇચ્છા પૂરી કરે છે અને મોટી થઈ માં-બાપની કાળજી લે છે. એક સમય હતો જ્યારે દીકરીનો જન્મ થતા જ તેને દૂધ પીતી કરવામાં આવતી તેને ઘરની બહાર જવાની પરવાનગી પણ ન હોતી.

તેને નાની ઉંમરે જ પરણાવી દેવાતી હતી. આજના સમયમાં લોકો સમજદાર થયા છે આજે દીકરીઓ પણ ભણીગણીને તૈયાર થઇને ઊંચી નોકરીઓ કરે છે. સંસ્કારી દીકરી સૌને પ્રેમથી સાથે રાખી આગળ વધે એટલે કહેવાય છે કે દીકરી ઘરની દીવડી જ્યાં યોય ત્યાં હાસ્ય, ઉલ્લાસ અને ઉત્સાહનો ઉજાસ પાથરી દે છે.

બે ઉંબરાને ઉજાગર કરતી તે દીકરી....
લાગણીનો દરિયો રેલાવતી તે દીકરી.........
નયનની વાચા સમજી જતી તે દીકરી..........
મનનો ખાલીપો દૂર કરી આપે તે દીકરી.........
સશક્ત પીઠબળ બની ઉભી તે દીકરી........

અમાસને બદલી દે દિવાળીમાં તે દીકરી..........

જે પરિસ્થિતિને તરફેણમાં ફેરવે તે દીકરી...........

નસિબદારના કુખે જન્મે તે દીકરી.............

દીકરી તમારી એવી પૂંજી છે જેને તમે ભલે પારકી થાપણ માનતા હોય પણ તે ક્યારેય પોતાના માં-બાપનો પ્રેમ અને તેમના પ્રત્યેનું પોતાનું કર્તવ્ય ભૂલતી નથી તેની અંદર એટલી આત્મીયતા અને એટલું સાહસ છે કે તે પરણ્યા પછી પણ જો ગરજ પડે તો સાસરિયા સાથે માતા-પિતાને પણ સાચવી શકે છે. દીઅકરી જન્મે છે ઘરના આંગણે જાણે કોમલ કિરણોની કોમળતા અવતરે છે આપણી જીવવાની ઝંખનાને પ્રજવલિત રાખતી જ્યોત એટલે દીકરી.

દીકરી કેજીમાં ભણતી હોય કે કૉલેજમાં ભણતી હોય, કુંવારી હોય કે પરણેલી હોય માં-બાપ માટે દીકરી સદાય દીકરિ જ રહે છે. બાળપણમાં દીકરી ભલે તોફાન-મસ્તી કરતી હોય પણ જ્યારે યુવાન બંને છે ત્યારે ગંભીરતા ધારણ કરી લેતી હોય છે. લગ્ન પછી દીકરી સાસરે જાય છે ત્યારે સાસરિયાઓ એમ પૂછે છે કે વહુ કરિયાવરમાં શું શું લાવી છે? પરંતુ એ નથી સમજતા કે વહુ વ્હાલનાં દરિયા જેવા માં-બાપ ઘર, પરિવાર, ગામ.... આ બધું જ છોડીને તમારા હ્રદયને જીતી લેવા માટે આવી છે. જ્યારે આ વાતનો સમાજ સ્વીકાર કરે છે ત્યારે દીકરીના જીવનમાં સુગંધ આવી જાય છે.

દીકરી તો ભલેને જાય કોડીને સઘળું

એ તો વિહરતું યાયાવર પંખી રૂપાળું,

એને તમે સમજો આંગણા કેરો દીપક

જ્યાં હશે ત્યાં તો થશે અજવાળું

નવી વહુનું સાસરિયામાં આવવું એ નવા બાળકના જન્મ થયા બરાબર છે. સાસરીયાઓ વહુ આવતા જ પોતાના ઘરની બધી જવાબદારીઓનો ભાર એ પણ નિયમ સાથે નવી વહુ પર લાદી દે છે. પણ તેને પણ સમય તો લાગે ને એક નવા અને અજાણ્યા ઘરમાં એણે સૌથી વધુ અજાણ્યા લોકોમાં સમાયોજન થવામાં છતાય દીકરી કોશિશ કરે છે છે નવા ઘરમાં પોતાનું સ્થાન બનાવવાનું અને અને નવા ઘરના લોકો પણ તેને દીકરી સમજીને અપનાવે અને તેનાપર પ્રેમના અમી છાંટણા કરે.

જ્યાં સુધી દીકરી પિયરમાં હોય ત્યાં સુધી કોઈ ચિંતા નહિ પણ જ્યારે સાસરિયામાં આવે એટલે તે ગમે તેટલી હોશિયાર હોય તો પણ તેને નવેસરથી બધું શીખવું પડે છે નવી રીતભાત અપનાવવી પડે છે. નહિ તો તારા પિયર જેવું અહી નહિ ચાલે અમારે ત્યાં આવું કોઈ નહિ ખાતું જેવા વાગ્બાણ સંભળાવનારા પણ હોય છે દીકરી પિતા માટે એક ધબકાર હોય છે જીવનમાં કડી ના રડનાર પુરૂષ પણ એક બાપ તરીકે જ્યારે પોતાની વિદાય આપે છે ત્યારે ચોધાર આંસુએ રડે છે. તેથી ઈશ્વર કરે કે ક્યારેય દીકરી પિતાથી એટલી દૂર ના જતી રહે કે પિતાના અંતિમ સમયમાં તેઓ તેને નજર ભરીને જોઈ પણ ણ શકે કે એક ચમચી પાણી ણ પણ પીવડાવી શકે.

દીકરી જ તો બાપની મૂછોનું પાણી છે,

સંબધોમાં વહેતી સ્નેહની સરવાણી છે,

અમૂલ્ય છે, એને સતત અવગણો નહિ,

કોને ખબર, એ ક્યા જન્મની કમાણી છે?

# सुरक्षा बल में एक शानदार कैरियर

पटेल येशा नवींभाइ

S.Y.B.SC Roll no:35

भारतीय सेना का अतीत गौरवशाली और भविष्य उज्ज्वल है। भारतीय सेना ब्रिटिश काल में स्थापित सैन्य विभाग की वंशज है। ब्रिटिश अधिकारी शीर्ष पदों पर आसीन थे। देश के स्वतंत्र होने के बाद, सेना को अपना पहला भारतीय कमांडर-इन-चीफ जनरल (दिवंगत फील्ड मार्शल) केएम करिअप्पा मिला। सेना का मुख्यालय सेना भवन और दिल्ली में लाल किले के दक्षिणी ब्लॉक के कुछ हिस्सों में स्थित है।

सेना साहसी युवा उम्मीदवारों को बेहतरीन करियर के अवसर प्रदान करती है। यह एक ऐसा करियर है जो बहुत सारी सुविधाएँ, एक विशेषाधिकार प्राप्त जीवनशैली और सबसे बढ़कर, देश की सेवा करने में सम्मान प्रदान करता है। सशस्त्र बल सेवा, बलिदान, देशभक्ति और हमारे देश की समग्र संस्कृति के आदर्शों की विशेषता रखते हैं। सेना का मूल कर्तव्य बा आप सशस्त्र बलों में क्यों शामिल होना चाहते हैं

आप सशस्त्र बलो मैं क्यो शामिल होन चाह्ते हैं?

यह सबसे सामान्य प्रश्नों में से एक है जो आपसे पूछा जा सकता है।

**संलग्न भावनाओं के लिए**:

हममें से कई लोग जो सशस्त्र बलों में शामिल होते हैं, उनके परिवार के करीबी सदस्य (माता-पिता, भाई-बहन, करीबी दोस्त, पड़ोसी, रिश्तेदार) पहले से ही सेना में सेवारत हैं। इसलिए हम उस जीवन को जी चुके हैं और उससे जुड़े, आकर्षित और भावनात्मक रूप से जुड़े हुए हैं। आप इसका हिस्सा बनकर अपने माता-पिता को गौरवान्वित महसूस कराते हैं और परिवार की विरासत को आगे ले जाते हैं।

इस पेशे में होने के गौरव और सम्मान के लिए: सशस्त्र बलों में प्रत्येक व्यक्ति किसी न किसी तरह अपनी वर्दी पहनने में गर्व महसूस करता है। यह एक ऐसा पेशा है जहां आपको न केवल अच्छा वेतन मिलता है, बल्कि समाज में सम्मान के मामले में भी समान रूप से भुगतान किया जाता है। भारत में लोग अपने वर्दीधारियों के प्रति बहुत सम्मान रखते हैं और वर्दी के प्रति प्रेम के कारण ही कई लोग इस पेशे को चुनते हैं।

कभी-कभी यह कुछ विशिष्ट के बारे में होता है: स्थान, पेशा जिसमें व्यक्ति फिटनेस बनाए रख सकता है, परिवार का समर्थन करने के लिए नौकरी की आवश्यकता, सरकारी नौकरी में होना, खुद को दूसरों के सामने साबित करना, जल्दी नौकरी की संभावना (12वीं के तुरंत बाद) भी इसके कुछ कारण हैं कौन से लोग सेना में भर्ती होते हैं और कुछ वीरता पुरस्कार विजेता बनने के लिए शामिल होते हैं।

**सिर्फ जिंदगी में जगह बनाने के लिए**: कुछ लोग अच्छी नौकरी पाकर सेटल होने की चाहत रखते हैं। वे बस कुछ करना चाहते हैं. इससे समाज में, परिवार, दोस्तों की नजरों में उनकी स्थिति बेहतर हो जाती है

## ૧૨. દૈનિક વર્તમાન પત્રોમાં પ્રકાશિત થયેલ વિવિધ પ્રવૃતિઓના અહેવાલ

દિવ્ય ભાસ્કર વાપી ભાસ્કર 12-07-2023

## ખેરગામ કોલેજમાં F.Y.B.A./B.Com અને F.Y.B.Sc. પ્રવેશોત્સવ યોજાયો



ખેરગામ | ખેરગામની સરકારી કોલેજમાં આચાર્ય ડો.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ F.Y.B.A./ B.Com અને F.Y.B.Sc.માં પ્રવેશ મેળવેલ ૧૩૫ નવા વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય સંજય પટેલે જણાવ્યું હતું કે "વિશ્વાસ અને શ્રધ્ધા મૂકીને જેમણે આ કોલેજમાં પ્રવેશ લીધો છે. આ સંસ્થા ઉપર મુકેલ વિશ્વાસને આવકાર છે. ઈતર પ્રવૃત્તિઓ સમાયંતરે યોજાતી રહેશે. રસ્તાઓ ખુલ્લા છે ક્યાં સુધી પહોંચવું એ તમારે નક્કી કરવાનું છે. આ કોલેજ તમારી ભાવિ કારકીર્દીની તક પૂરી પાડવાનું કામ કરતી આવી છે અને કરતી રહેશે અને હું તમો ઉન્નતિના શિખરોને સર કરો એ માટે નેટવર્કનું કામ કરતો રહીશ". આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. જીગરકુમાર વી. પરમારે કર્યું હતું અને અંતે પ્રા.સુનિલભાઈ એમ. જાદવે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે અમરતભાઈ પટેલ,અંકુર શુક્લ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

દિવ્ય ભાસ્કર નવસારી 12-07-2023

## ખેરગામ કોલેજમાં એફ.વાય બીએ- બી.કોમ અને બીએસસીમાં નવા 135 છાત્રોનો પ્રવેશોત્સવ



ખેરગામ । ખેરગામની સરકારી કોલેજમાં આચાર્ય ડો. એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ એફ.વાય બીએ, બી.કોમ, બીએસસીમાં પ્રવેશ મેળવેલ 135 નવા વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય સંજય પટેલે જણાવ્યું હતું કે 'વિશ્વાસ અને શ્રદ્ધા મૂકીને જેમણે આ કોલેજમાં પ્રવેશ લીધો છે. આ સંસ્થા ઉપર મુકેલ વિશ્વાસને આવકાર છે. ઈત્તર પ્રવૃત્તિઓ સમાયંતરે યોજાતી રહેશે. રસ્તાઓ ખુલ્લા છે ક્યાં સુધી પહોંચવું એ તમારે નક્કી કરવાનું છે. આ કોલેજ તમારી ભાવિ કારકીર્દીની તક પૂરી પાડવાનું કામ કરતી આવી છે અને કરતી રહેશે અને હું તમો ઉન્નતિના શિખરોને સર કરો એ માટે નેટવર્કનું કામ કરતો રહીશ'. આ કાર્યક્રમનું સંચાલન પ્રા. જીગરકુમાર પરમારે કર્યું હતું અને અંતે પ્રા.સુનિલભાઈ જાદવે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે અમરતભાઈ પટેલ,અંકુર શુક્લ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## ખેરગામ કોલેજમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ખેરગામ, તા. ૧૧ : સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ, જિ.નવસારી ખાતે આચાર્ય ડો.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ IQAC અંતર્ગત શૈક્ષણિક વર્ષ૨૦૨૩-૨૦૨૪માં પ્રથમ વર્ષ વાણિજ્ય વિનયન અને વિજ્ઞાન શાખામાં પ્રવેશ મેળવેલ ૧૩૫ નવા વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રભુ પ્રાર્થનાથી શુભારંભ થયો.

સામાજિક કાર્યકર અમ્રત પટેલ, રમેશભાઈ. પટેલ, ભુતપૂર્વ વિદ્યાર્થી પ્રતિનિધિ, કિર્તીભાઈ સોલંકી, વાડના અગ્રણી ખાલપભાઈ પટેલ વિ. ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય ડૉ. એસ. એમ. પટેલે સૌનો શાબ્દિક પરિચય આપી પુષ્પગુચ્છથી આવકાર્યા હતા. આરતીએ જણાવ્યું કે પોતેજ પોતાનું ભવિષ્ય બનાવવાનું છે. સ્વયં તમેજ તમારા ભાગ્ય વિધાતા છો વિદ્યાર્થી પરીસરમાં દાખલ થયા પછી સ્વયંશિસ્તમાં રહે એ ખુબ જરૂરી છે. સમાજસેવાની સાથે રાષ્ટ્રસેવા કરતા રહો તેમ કહી ભાવિ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આચાર્યએ પ્રસંગોચિત ઉદબોધન આપતા જણાવ્યું કે વિશ્વાસ અને શ્રધ્ધા મૂકીને જેમણે આ કોલેજમાં પ્રવેશ લીધો છે અને આ સંસ્થા ઉપર મુકેલ વિશ્વાસને આવકારીએ છીએ. ઈતર પ્રવૃત્તિઓ સમાયંતરે યોજાતી રહેશે. રસ્તાઓ ખુલ્લા છે ક્યાં સુધી પહોંચવું એ તમારે નક્કી કરવાનું છે. આ કોલેજ તમારી ભાવિ કારકીર્દીની તક પૂરી પાડવાનું કામ કરતી આવી છે અને કરતી રહેશે અને હું તમો ઉન્નતિના શિખરોને સર કરો એ માટે નેટવર્કનું કામ કરતો રહીશ.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. જીગરકુમાર પરમારે કર્યું હતું અંતમાં પ્રા સુનિલભાઈ જાદવે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

દિવ્ય ભાસ્કર નવસારી 19-07-2023

## ખેરગામમાં યુવક-યુવતીઓ માટે સહકારી શિક્ષણ વર્ગનો આરંભ



ખેરગામ । ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ સંચાલિત, વલસાડ જિલ્લા સહકારી સંઘ અને સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામના N.S.S./કોમર્સ/અર્થશા સ્ત્ર વિભાગના સયુંક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં સહકાર અંગેના જ્ઞાનનું સર્જન થાય તથા તેમના કારકિર્દી ઘડતરમાં ઉપયોગી નિવડે તે હેતુથી 22મી સુધી ચાલનારા "યુવક-યુવતી સહકારી તાલીમ વર્ગનું આચાર્ય ડો.એસ.એમ.પટેલના અધ્યક્ષપદે ઉદઘાટન કરાયું હતું. ટ્રેનર રાજેશભાઈએ પોતાનું ઉદબોધન કર્યું હતું. આચાર્યએ જણાવ્યું કે 'સહકારી ક્ષેત્રનું શિક્ષણ મેળવવું ખૂબ અઘરું છે પરંતુ એક અઠવાડિયાની તાલીમ વિદ્યાર્થી કોલેજ કક્ષાએ મેળવી સમજ કેળવે એ ખૂબ જરૂરી છે. સહકારી સંસ્થા 'નહી નફો નહીં નુકસાન'ના સિદ્ધાંત પર કાર્યરત છે. નજીવા દરે નફો લઈને ચીજ-વસ્તુઓને બજારથી ગ્રાહક સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે.

દિવ્ય ભાસ્કર વાપી ભાસ્કર 19-07-2023

## ખેરગામમાં 22 જુલાઇ સુધી યુવક- યુવતી માટે સહકારી શિક્ષણ વર્ગનો આરંભ



ખેરગામા ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ સંચાલિત, વલસાડ જિલ્લા સહકારી સંઘ અને સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામના N.S.S., કોમર્સ, અર્થશાસ્ત્ર વિભાગના સયુંક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં સહકાર અંગેના જ્ઞાનનું સર્જન થાય તથા તેમના કારકીર્દી ઘડતરમાં ઉપયોગી નિવડે તે હેતુથી તા.17 થી 22 સુધી ચાલનારા "યુવક-યુવતી સહકારી તાલીમ વર્ગનું આચાર્ય ડો.એસ.એમ.પટેલના અધ્યક્ષ પદે ઉદઘાટન કરાયું હતું. ટ્રેનર રાજેશભાઈએ પોતાનું ઉદબોધન કર્યું હતું. આચાર્યએ જણાવ્યું કે સહકારી ક્ષેત્રનું શિક્ષણ મેળવવું ખૂબ અઘરું છે પરંતુ એક અઠવાડિયાની તાલીમ વિદ્યાર્થી કોલેજ કક્ષાએ મેળવી સમજ કેળવે એ ખૂબ જરૂરી છે. સહકારી સંસ્થા "નહિ નફો નહિ નુકસાન" નાં સિધ્ધાંત પર કાર્યરત છે. નજીવા દરે નફો લઈને ચીજ-વસ્તુઓને બજારથી ગ્રાહક સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે.

દિવ્ય ભાસ્કર વાપી ભાસ્કર 22-07-2023

## ખેરગામની સરકારી કોલેજમાં શિક્ષણ વર્ગમાં દુધ સંપાદક અધિકારીનું વ્યાખ્યાન યોજાયું



ખેરગામા ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ સંચાલિત , વલસાડ જિલ્લા સહકારી સંઘ અને સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામના NSS, કોમર્સ અર્થશાસ્ત્ર વિભાગના સયુંક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં સહકાર અંગેના જ્ઞાનનું સર્જન થાય તથા તેમના કારકીર્દી ઘડતરમાં ઉપયોગી નિવડે તે હેતુથી ચાલતા યુવક - યુવતી સહકારી તાલીમ વર્ગના પાંચમાં દિવસે વિદ્યાર્થીઓને સહકારી ક્ષેત્રનું વ્યવહારું અને વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત થાય તે હેતુથી મિતેશભાઈ બારોટ દુધ સંપાદક અધિકારી શુક્રવારના રોજ તાલિમ વર્ગમાં વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.તેમણે વસુધારા ડેરીની કાર્ય પ્રણાલી , દુધ મંડળીના સભ્યો , દુધ વેચાણ અંગેની રસપ્રદ માહિતી રજુ કરી હતી. કોલેજના આચાર્ય ડો . એસ . એમ . પટેલ જણાવ્યું હતું કે " વસુધારા ડેરી સૌથી વધુ મહિલા સભાસદો ધરાવતી અને સૌથી વધુ દુધ સંપાદન કરતી પ્રગતિશીલ , અગ્રેસર ડેરી તરીકે નામના મેળવી ચૂકી છે .

**દિવ્ય ભાસ્કર** નવસારી 22-07-2023

## ખેરગામની સરકારી કોલેજમાં શિક્ષણ વર્ગમાં દૂધ સંપાદક અધિકારીનું વ્યાખ્યાન

ખેરગામ । ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ સંચાલિત વલસાડ જિલ્લા સહકારી સંઘ અને સરકારી વિનયન-વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામના N.S.S./ કોમર્સ / અર્થશાસ્ત્ર વિભાગના સયુંક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં સહકાર અંગેના જ્ઞાનનું સર્જન થાય તથા તેમના કારકિર્દી ઘડતરમાં ઉપયોગી નિવડે તે હેતુથી ચાલતા યુવક-યુવતી સહકારી તાલીમ વર્ગના પાંચમાં દિવસે વિદ્યાર્થીઓને સહકારી ક્ષેત્રનું વ્યવહારું અને વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત થાય તે હેતુથી મિતેશભાઈ બારોટ દુધ સંપાદક અધિકારી શુક્રવારના રોજ તાલીમ વર્ગમાં વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.તેમણે વસુધારા ડેરીની કાર્ય પ્રણાલી, દૂધ મંડળીના સભ્યો, દૂધ વેચાણ અંગેની રસપ્રદ માહિતી રજૂ કરી હતી. કોલેજના આચાર્ય ડો. એસ.એમ. પટેલે જણાવ્યું હતું કે વસુધારા ડેરી સૌથી વધુ મહિલા સભાસદો ધરાવતી અને સૌથી વધુ દુધ સંપાદન કરતી પ્રગતિશીલ અગ્રેસર ડેરી તરીકે નામના મેળવી ચૂકી છે.

**દિવ્ય ભાસ્કર** વાપી ભાસ્કર 28-07-2023

## ખેરગામમાં બોટનિકલ અને પર્યાવરણીય છોડ અને પોસ્ટર પ્રદર્શન યોજાયું



ખેરગામા ખેરગામ કોલેજમાં વિદ્યાર્થીઓ ઔષધિય વનસ્પતિનું જ્ઞાન મેળવે અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવે તે હેતુ થી આચાર્ય ડૉ.એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ "Botanical and Environmental Plant and Poster Exhibition" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ જીવંત ઔષધિય વનસ્પતિઓ, વેલીઓ, સુગંધ આપતી વનસ્પતિઓ, જુદા-જુદા પ્રકારની કલમો, જૈવિક અને કૃત્રિમ ખાતરો વિશે પોસ્ટર પ્રદર્શન રજૂ કર્યું હતું. ઉપરાંત ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર વિષય સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ વર્તમાન સમયે પર્યાવરણ સામે ઉભા થયેલ વિવિધ પડકારો અને પ્રદૂષણ અંગે પ્રોજેક્ટ રજૂ કર્યા તેમજ હાલની ચર્ચાનો વિષય ચંદ્રયાન-૩નું મોડેલનો પ્રોજેક્ટ તૈયાર કરી તેનું પ્રદર્શન રજૂ કર્યું હતું. "હમ ચલે ચાંદ કો ઓર કરીબ લાને' સંદેશ આપી વિનયન અને વાણિજ્ય શાખાનાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

**દિવ્ય ભાસ્કર** નવસારી 28-07-2023

## ખેરગામ કોલેજમાં યોજાયું બોટનિકલ, પર્યાવરણીય છોડ અને પોસ્ટર પ્રદર્શન



ખેરગામ । ખેરગામ કોલેજમાં વિદ્યાર્થીઓ ઔષધિય વનસ્પતિનું જ્ઞાન મેળવે અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવે તે હેતુથી આચાર્ય ડો.એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ બોટનિકલ એન્ડ એન્વાયરોમેન્ટ પ્લાન્ટ અને પોસ્ટર પ્રદર્શન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ જીવંત ઔષધિય વનસ્પતિઓ, વેલીઓ, સુગંધ આપતી વનસ્પતિઓ, જુદા-જુદા પ્રકારની કલમો, જૈવિક અને કૃત્રિમ ખાતરો વિશે પોસ્ટર પ્રદર્શન રજૂ કર્યું હતું. ઉપરાંત ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર વિષય સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ વર્તમાન સમયે પર્યાવરણ સામે ઉભા થયેલ વિવિધ પડકારો અને પ્રદૂષણ અંગે પ્રોજેક્ટ રજૂ કર્યા તેમજ હાલની ચર્ચાનો વિષય ચંદ્રયાન-3 મોડેલનો પ્રોજેક્ટ તૈયાર કરી તેનું પ્રદર્શન રજૂ કર્યું હતું. "હમ ચલે ચાંદ કો ઓર કરીબ લાને' સંદેશ આપી વિનયન અને વાણિજ્ય શાખાનાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

**દિવ્ય ભાસ્કર** વાપી ભાસ્કર 02-08-2023

## ખેરગામ ખાતે "પોઝીટીવ એટીટ્યુડ" વિષય સંદર્ભમાં સેમિનાર યોજાયો



ખેરગામ । વિદ્યાર્થીઓ સહકાર, સહયોગ અને સમજણ કેળવી ગામ, દેશ અને સમાજને ઉપયોગી બને તે હેતુથી ખેરગામ કોલેજના આચાર્ય ડો.એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ "પોઝીટીવ એટીટ્યુડ" વિષય સંદર્ભે ઓફલાઈન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાઘલધરાથી મોટીવેશનલ સ્પીકર દર્શનભાઈ આઈ. સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિષયને અનુસંધાને વ્યાખ્યાન આપતા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે "તમે તમારી લાઈફની ડીઝાઈન તૈયાર કરો બહાના બનાવવાનું છોડો અને જવાબદારી સ્વીકારતા શીખો, તમારું સ્કીલ જ તમારું ભવિષ્ય છે. હવે સમય છે જાગવાનો ભાગવાનો નહિ, ટેક્નોલોજીનાં યુગમાં ટકી રહેવા નશો તમને તમારા કામનો હોવો જોઈએ, સ્વયંને ઉજાગર કરો. જીવન જલેબી જેવું છે તેને દોરી જેવું બનાવવાનું છે, દરેકની લાઈફમાં પ્રોબ્લેમ ઘણા બધા છે, તમે પોતાની કાળજી કઈ રીતે લેશો એ માટે અપડેટ થવું અને હકારાત્મક અભિગમ રાખવો ખુબ જરૂરી છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.સુનિલભાઈ એમ. જાદવે કર્યું અને પ્રા.ડો.નીમુબેન એસ. ચૌધરીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

**દિવ્ય ભાસ્કર** નવસારી 03-08-2023

## ખેરગામ કોલેજમાં 'પોઝિટિવ એટીટ્યુડ' વિષય સંદર્ભમાં સેમિનાર

ખેરગામ । વિદ્યાર્થીઓ સહકાર, સહયોગ અને સમજણ કેળવી ગામ, દેશ અને સમાજને ઉપયોગી બને તે હેતુથી ખેરગામ કોલેજના આચાર્ય ડો. એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ 'પોઝિટિવ એટીટ્યુડ' વિષય સંદર્ભે ઓફલાઈન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાઘલધરાથી મોટીવેશનલ સ્પીકર દર્શનભાઈ આઈ. સોલંકી ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે વિષયને અનુસંધાને વ્યાખ્યાન આપતા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે 'તમે તમારી લાઈફની ડિઝાઈન તૈયાર કરો બહાના બનાવવાનું છોડો અને જવાબદારી સ્વીકારતા શીખો, તમારું સ્કીલ જ તમારું ભવિષ્ય છે. હવે સમય છે જાગવાનો ભાગવાનો નહીં, ટેક્નોલોજીનાં યુગમાં ટકી રહેવા નશો તમને તમારા કામનો હોવો જોઈએ, સ્વયંને ઉજાગર કરો. જીવન જલેબી જેવું છે તેને દોરી જેવું બનાવવાનું છે, દરેકની લાઈફમાં પ્રોબ્લેમ ઘણા બધા છે, તમે પોતાની કાળજી કઈ રીતે લેશો એ માટે અપડેટ થવું અને હકારાત્મક અભિગમ રાખવો ખુબ જરૂરી છે. કાર્યક્રમનું સંચાલન પ્રા.સુનિલભાઈ જાદવે કર્યું અને પ્રા.ડો.નીમુબેન એસ. ચૌધરીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

**દિવ્ય ભાસ્કર** વાપી ભાસ્કર 04-08-2023

## ખેરગામ ખાતે રંગકલા-કૌશલ્ય ધારા અંતર્ગત મહેંદી સ્પર્ધા યોજાઈ



ખેરગામ । ખેરગામની સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજની IQAC કમિટી અને સપ્તધારા અન્વયે "રંગકલા-કૌશલ્ય ધારા અંતર્ગત વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા તેમજ મહેંદી ક્ષેત્રમાં રસ લઈ તેઓ સ્વરોજગારી મેળવી આર્થિક રીતે પગભર બને તે હેતુથી આચાર્ય ડૉ.એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ "મહેંદી સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૯ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે પટેલ તૃપ્તિબેન જયસુખભાઈ અને પટેલ નિર્જલા દિપકભાઈ, દ્વિતીય ક્રમે માહલા દિવ્યાંગીબેન રાજેશભાઈ, તૃતિય ક્રમે પટેલ મિતાલીબેન જગદીશભાઈ આવ્યાં હતાં.

દિવ્ય ભાસ્કર **નવસારી** 05-08-2023

## ખેરગામ સરકારી કોલેજમાં રંગકલા-કૌશલ્ય ધારા અંતર્ગત મહેંદી સ્પર્ધા



ખેરગામ । ખેરગામની સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજની IQAC કમિટી અને સપ્તધારા અન્વયે રંગકલા-કૌશલ્ય ધારા અંતર્ગત વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા તેમજ મહેંદી ક્ષેત્રમાં રસ લઇ તેઓ સ્વરોજગારી મેળવી આર્થિક રીતે પગભર બને તે હેતુથી આચાર્ય ડૉ.એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 9 વિદ્યાર્થિનીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે પટેલ તૃપ્તિબેન જયસુખભાઈ અને પટેલ નિર્જલા દિપકભાઈ, દ્વિતીય ક્રમે માહલા દિવ્યાંગીબેન રાજેશભાઈ, તૃતીય ક્રમે પટેલ મિતાલીબેન જગદીશભાઈ આવ્યા હતાં.

દિવ્ય ભાસ્કર **નવસારી** 07-08-2023

## ખેરગામમાં આંબાની કલમ 'સોનપરી' અને હાઈબ્રિડ નાળિયેરીની કલમોનું વૃક્ષારોપણ



ખેરગામ કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગ દ્વારા આંબાની કલમ સોનપરી,હાઈબ્રીડ નાળિયેરી સહિતના રોપઓનું વૃક્ષારોપણ કાર્યક્રમ કોલેજના આચાર્ય ડૉ. સંજયકુમાર એમ. પટેલ માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. સોનપરી કલમનું સર્વ પ્રથમ સંશોધન નવસારી કૃષિ યુનિ.ના પરીયા સંશોધન કેન્દ્ર ખાતે વર્ષ 2001માં હાફુસ અને બનેસાન કેરીના મિશ્રણથી થયું હતું. સોનપરી નામકરણ કરવા પાછળ આ સંશોધિત કેરીનો રંગ સોનેરી હોવાથી 'સોન' તથા પરીયા સંશોધન કેન્દ્રમાં તૈયાર થઇ હોવાથી 'પરી' શબ્દ લઈ "સોનપરી" નામ આપવામાં આવ્યું. શરૂઆતમાં આ કલમને ધારી સફળતા મળી ન હતી. પરંતુ હાલમાં ઘણી જગ્યાએ આ કેરીના ફળો આવવાના શરુ થયા છે. જે પાકી ગયા બાદ કેસર અને હાફુસ કરતાં વધુ મીઠાશવાળી,ટકાઉ અને લાંબા ગાળા સુધી બગડતી ન હોવાને કારણે તેની માંગ વધવા પામી છે. કોલેજમાં સોનપરીની કુલ 30 તથા હાઈબ્રિડ નાળિયેરીના 30 રોપાનું વૃક્ષારોપણ કોલેજ કેમ્પસમાં કરવામાં આવ્યું.

દિવ્ય ભાસ્કર **વાપી ભાસ્કર** 07-08-2023

## ખેરગામમાં આંબાની કલમ 'સોનપરી' અને હાઈબ્રિડ નાળિયેરીની કલમોનું વૃક્ષારોપણ



ખેરગામ । ખેરગામ કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગ દ્વારા આંબાની કલમ સોનપરી, હાઈબ્રીડ નાળિયેરી સહિતના રોપઓનું વૃક્ષારોપણ કાર્યક્રમ કોલેજના આચાર્ય ડૉ. સંજયકુમાર એમ. પટેલ માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. સોનપરી કલમનું સર્વ પ્રથમ સંશોધન નવસારી કૃષિ યુનિ.ના પરીયા સંશોધન કેન્દ્ર ખાતે વર્ષ 2001 માં હાફુસ અને બનેસાન કેરીના મિશ્રણથી થયું હતું. સોનપરી નામકરણ કરવા પાછળ આ સંશોધિત કેરીનો રંગ સોનેરી હોવાથી 'સોન' તથા પરીયા સંશોધન કેન્દ્રમાં તૈયાર થઇ હોવાથી 'પરી' શબ્દ લઈ "સોનપરી" નામ આપવામાં આવ્યું. શરૂઆતમાં આ કલમને ધારી સફળતા મળી ન હતી. પરંતુ હાલમાં ઘણી જગ્યાએ આ કેરીના ફળો આવવાના શરુ થયા છે. જે પાકી ગયા બાદ કેસર અને હાફુસ કરતાં વધુ મીઠાશવાળી, ટકાઉ અને લાંબા ગાળા સુધી બગડતી ન હોવાને કારણે તેની માંગ વધવા પામી છે. કોલેજમાં સોનપરીની કુલ ૩૦ તથા હાઈબ્રિડ નાળિયેરીના ૩૦ રોપાનું વૃક્ષારોપણ કોલેજ કેમ્પસમાં કરવામાં આવ્યું હતું.

દિવ્ય ભાસ્કર **વાપી ભાસ્કર** 08-08-2023

## ખેરગામમાં "પ્રેમચંદ મુન્શીજીની 143 મી જન્મ જયંતિ" ની ઉજવણી કરાઇ



ખેરગામ। ખેરગામ સરકારી કોલેજની IQAC કમિટી અને હિન્દી વિભાગ તેમજ સપ્તધારા અન્વયે જ્ઞાનધારા અંતર્ગત આચાર્ય ડૉ.એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ "પ્રેમચંદ મુન્શીજીની 143મી જન્મ જયંતિ"ની ઉજવણી નિમિત્તે રેખાચિત્ર અને વકતુત્વ અને ppt કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 11 વિદ્યાર્થિનીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે ગરાસીયા હેતલ રહ્યા હતા. વક્તવ્ય આપતાં આચાર્ય ડો.એસ.એમ.પટેલે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે "કથાકાર મુન્શી પ્રેમચંદ જનતાનાં સાહિત્યકાર હતા, ગુલામ ભારતમાં કિસાનોની વાસ્તવિક પરિસ્થિતિનું ચિત્રણ તેમણે ઉપન્યાસ 'ગોદાન'માં રજૂ કર્યું છે, પરતંત્ર ભારતને સ્વતંત્ર કરવામાં સાહિત્યના માધ્યમથી આ વિશ્વમાનવે અમૂલ્ય ફાળો આપ્યો છે જેનું ઋણ કદી ભારત ભૂલી શકે તેમ નથી" તેમજ પ્રા.ડો.મનીષાબેન આર.જોગીયાએ આ સામાજિક ઉપન્યાસકારની લેખનીનાં પ્રદાનને પોતાની મધુરવાણીથી રસપાન કરાવ્યું હતું.

દિવ્ય ભાસ્કર **નવસારી** 09-08-2023

## ખેરગામ કોલેજમાં પ્રેમચંદ મુન્શીજીની જન્મ જયંતી નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા



ખેરગામ । ખેરગામ સરકારી કોલેજની IQAC કમિટી અને હિન્દી વિભાગ તેમજ સપ્તધારા અન્વયે જ્ઞાનધારા અંતર્ગત આચાર્ય ડો.એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ 'પ્રેમચંદ મુન્શીજીની 143મી જન્મ જયંતી'ની ઉજવણી નિમિત્તે રેખાચિત્ર અને વકતુત્વ અને ppt કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 11 વિદ્યાર્થીનીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે ગરાસીયા હેતલ રહ્યા હતા. વક્તવ્ય આપતાં આચાર્ય ડો.એસ.એમ.પટેલે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે કથાકાર મુન્શી પ્રેમચંદ જનતાનાં સાહિત્યકાર હતા, ગુલામ ભારતમાં કિસાનોની વાસ્તવિક પરિસ્થિતિનું ચિત્રણ તેમણે ઉપન્યાસ 'ગોદાન'માં રજૂ કર્યું છે, પરતંત્ર ભારતને સ્વતંત્ર કરવામાં સાહિત્યના માધ્યમથી આ વિશ્વમાનવે અમૂલ્ય ફાળો આપ્યો છે જેનું ઋણ કદી ભારત ભૂલી શકે તેમ નથી. પ્રા.ડો.મનીષાબેન આર.જોગીયાએ આ સામાજિક ઉપન્યાસકારની લેખનીનાં પ્રદાનને પોતાની મધુરવાણીથી રસપાન કરાવ્યું હતું.

દિવ્ય ભાસ્કર **નવસારી** 12-08-2023

## ખેરગામમાં 'વિશ્વ કોમર્સ દિવસ'ની વકતૃત્વ સ્પર્ધા સાથે ઉજવણી કરાઇ



ખેરગામ । ખેરગામની સરકારી કોલેજમાં કોમર્સ વિભાગ તેમજ સપ્તધારા અન્વયે જ્ઞાનધારા અંતર્ગત આચાર્ય ડો.એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ 'વિશ્વ કોમર્સ દિવસ'ની ઉજવણી નિમિત્તે વકતૃત્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 7 વિદ્યાર્થિનીએ ઉત્સાહથી ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે સહાની મધુ, દ્વિતીય ક્રમે પટેલ કીર્તિ અને તૃતીય ક્રમે પટેલ ભાવિન આવ્યા હતા. પ્રાસંગિક વક્તવ્ય આપતાં આચાર્ય ડો.એસ.એમ.પટેલે વિદ્યાર્થીઓને કોમર્સનો ઈતિહાસ અને મહત્વ અંગે મુક્તમને ચર્ચા કરી હતી. આંકડાશાસ્ત્ર વિષયમાં ફરજ બજાવતા પ્રા.જીગર પરમારે કોમર્સના રોજીંદા જીવનમાં ઉપયોગ તથા અભ્યાસનું મહત્વ અંગે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. એકાઉન્ટન્સી વિષયનાં પ્રા.સુનીલભાઈ એમ.જાદવે કોમર્સ શાખામાં કારકિર્દી ઘડતર અંગે માહિતી આપી હતી. પ્રા.મેહુલભાઈ પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.